જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૨/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૮૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૧	૦	૮૫૦૪૧
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૭૮	૦	૧૦૯૫૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮	૫,૪૭,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૮	૧,૨૮,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સેટેલાઈટ પોલીસ સ્ટેશન:-

A.C ના કમ્પ્રેસર મશીનોની ચોરી કરતા ઇસમોને પકડી પાડતી સેટેલાઇટ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના મુજબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન તેમજ સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટર શ્રી ડી.બી.મહેતા નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી/ઘરફોડ/ચોરી/લુટ ના વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ બનતા ગુના અટકાવવા સારૂ સાચી દિશામા તપાસ કરી પરીણામ લક્ષી કામગીરી કરવા સુચના આપેલ.

આમ તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પો.સ્ટેશન ખાતે પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૦૧૪૫/૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ ,૧૧૪ મુજબ નો ગુનો નોંધાયેલ જે ગુનાના ફરીયાદી શ્રી સેટેલાઇટ નહેરૂનગર ચાર રસ્તા તુષાર ઝેરોક્ષની બાજુમાં આવેલ,૧/૨ ગાંધીપાર્ક સોસાયટીમાં આવેલ ડાયાબીટીસ કેર એન્ડ હોર્મોન ક્લીનીક બહાર રાખેલ A.C (એર કન્ડીશનર) ના કમ્પ્રેસર મશીન કિ.રૂ.૫,૦૦૦/- મતાનુ ગઇ તા-૨૨/૦૨/૨૦૨૨ ના કલાક-૨૦/૦૦ વાગ્યા થી તા.૨૩/૦૨/૨૦૨૨ના ક.૦૯/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી થયેલ જે ગુનામા સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટર શ્રી ડી.બી.મહેતા નાઓએ ગુનાવાળી જગ્યાની આસપાસ લગાવેલ CCTV કેમેરા ઝીણવટ ભરી રીતે તેમજ જરૂર પડેથી CCTV એકસ્પર્ટોની મદદ મેળવી બારીકાઇથી તપાસ કરવાની તેમજ ફળદાયક કામગીરી કરવાની સુચના અને માર્ગદર્શન મુજન સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. એ.આર.પ્રજાપતિ નાઓએ સર્વેલન્સ સ્કોડ પોલીસ સ્ટાફના માણસો સાથે રહી ગુનાવાળી જગ્યા ની આજુબાજુમા લગાવેલ સી.સી.ટી.વી.કેમેરાની ફુટેજ એ.હે.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા હે.કો પંકજભાઇ ભગવાનભાઇ નાઓ ધ્વારા તપાસી કરાવતા ફરી શ્રીનુ કમ્પ્રેસર મશીન ચોરી થયેલ તે સમય ગાળા દરમ્યાન એક ઓટો રીક્ષા આવતી જતી દેખાયેલ જે શક પડતી વર્ણન વાળી ઓટો રિક્ષા આધારે ખાનગી બાતમી દારો થી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ.એ.આર.પ્રજાપતિ તથા સાથેના સ્ટાફના અ.હે.કો.જયેશભાઇ અમૂતભાઇ નાઓએ બાતમી હકીકત મેળવી નીચે જણાવેલ આરોપીઓને ઉપરોકત ગુનાનો તથા અન્ય ગુનાના A.C (એર કન્ડીશનર) કમ્પ્રેસર મશીનના અલગ કરેલ સ્પેરપાર્ટ મુદામાલ વેચવા કરી દીધેલ છે અને રિક્ષા લઇ અમદાવાદ શહેરમા અલગ અલગ જગ્યાએ ફરે છે જે હકીકત આધારે આરોપીઓને પકડી નીચે જણાવે ગુન્હાનો ભેદ ઉકેલી સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડે દારા ચોરી કરેલ A.C (એર કન્ડીશનર) ના કમ્પ્રેસર મશીનની ચોરી કરતા ઇસમોને પકડી પાડી નીચે જણાવેલ મિલ્કત સંબધી ગુનો ડીટેક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપી

(૧)	આદિલ મન્સુરઅલી દરબાર ઉ.વ.૨૩ ધંધો-એ.સી.રીપેરીંગ રહે-આઇ/૧૬૨ સંકલીતનગર એ.પી.એમ.સી માર્કેટ પાસે જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર
(૨)	અયુબખાન મકબુલખાન પઠાણ ઉ.વ.૩૨ ધંધો-રી.ડ્રા રહે- ૫/૧૫૯ ચાર માળીયા ગરીબ આવાસ યોજનના મકાન સંતોષનગર બહેરામપુરા અમદાવાદ શહેર

ગુના તથા ચોરીમા ગયેલ મુદામાલ તથા કબજે કરેલ મુદામાલ

૧	સેટેલાઇટ પો.સ્ટે પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૨૦ ૧૪૫/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪	એક A.C (એર કન્ડીશનર) ના કમ્પ્રેસર મશીન કિ.રૂ.૫,૦૦૦/- મતાના	A.C (એર કન્ડીશનર) ના કમ્પ્રેસર મશીન ની જેની કુલે રૂ.૩૨,૦૦/- તથા એક ઓટો રિક્ષા GJ-23-W-7645 કુલ કિ.રૂ.૧૫,૦૦૦/- તથા પાના નંગ-૦૩ તથા ડીસમીસ નંગ-૦૧ મળી કુલ્લે ૧૮૨૯૦/- મતાના ના મુદામાલ સાથે

આરોપીઓની એમ.ઓ

૨ રાત્રીના સમય ગાળા દરમ્યાન અમદાવાદ શહેર ની જુદી જુદી જગયએ દુકાન/ઓફીસ બહાર લગાવેલ A.C (એર કન્ડીશનર) ના કમ્પ્રેસર મશીન નોની ચોરી કરી તેના સ્પેરપાર્ટ અલગ અલગ કરી વેચાણ કરવા સારૂ ચોરી કરવી

કામગીરી કરનાર ટીમ

પો.સ.ઈ એ.આર.પ્રજાપતિ તથા અ.હે.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા અ.હે.કો પંકજભાઇ ભગવાનભાઇ તથા અ.હે.કો જયેશકુમાર અમ્રુતલાલ તથા અ.પો.કો.હરીસિંહ જુવાનસિંહ તથા અ.પો.કો રમેશભાઇ ભુપતભાઇ તથા પો.કો મહેન્દ્રસિંહ ભરતસિંહ તથા લોકરક્ષક જયદિપસિંહ દીલાવારસિંહ



સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :

સોલા તથા સરખેજ વિસ્તારમાં પાર્ક કરેલ ફોર વ્હીલર્સ ગાડીઓના કાચ તોડી ચોરી કરતા ઇસમને ઝડપી ત્રણ ગુનાઓ ડીટેકટ કરવામાં આવ્યા

પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબના માર્ગદર્શન તેમજ આર.વી.અસારી સાહેબ (એડી.સીપી સેકટર-1), ડો.શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ (ડીસીપી ઝોન-1), શ્રી જી.એસ.શ્યાન (એસીપી શ્રી A ડિવિઝન) નાઓના સુપરવિઝન હેઠળ જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટરનાઓ તથા પો.સ.ઈ. જે.જે.રાણા તથા મ.સ.ઇ. અમીતભાઇ જીતુભાઇ બ.નં.૧૩૪૯૦ તથા અ.હેડ કોન્સ. હીતેન્દ્રસિંહ ફતેસિંહ બ.નં.૪૦૮૭ તથા અનાર્મ પો.કોન્સ રાહુલભાઇ રમેશભાઇ બ.નં.૧૦૪૮૨, તથા અનાર્મ પો.કોન્સ.જયદિપસિંહ રામદેવસિંહ બ.નં.૧૨૬૦ તથા અનાર્મ પો.કો. વાલજીભાઇ ભોપાભાઇ બ.નં૧૦૮૨૯ તથા અનાર્મ લોકરક્ષક નરેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૪૩૮ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો ડિટેકશનની કરવાની કામગીરીમાં જોડાયેલા હતા.

આરોપી:

1. પ્રફુલ ઉર્ફે પારસ અતુલભાઈ ઘમંડે (છારા)ઉ.વ ૨૨ ધંધો-છુટક મજુરી રહેવાસી-ભયાજીની ચાલી સંતોષીનગર, કુબેરનગર અમદાવાદ શહેર

મોડસ ઓપરેન્ડી - જાહેર જગ્યાઓએ પાર્ક કરેલ વાહનોની રેકી કરી કારના કાચ તોડી કારમાં મુકેલ સામાનની ચોરી કરવા બાબત.

શોધાયેલ ગુનાઓ -

(૧) સોલા હા.પો.સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૨૦૩૨૨/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૬૧,૧૧૪ મુજબ

(૨) સોલા હા.પો.સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૨૦૩૨૪/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧, ૧૧૪ મુજબ

(૩) સરખેજ પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૮૨૨૦૪૦/૨૨ ધી. ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૬૧ મુજબ

કબ્જે કરેલ મુદ્દામાલ :-

રોકડ નાણા રૂ. ૩૦,૦૦૦/- તથા આઇ.ફોન કંપનીના ઇયર બડ કી.રૂ. ૧૦,૦૦૦/- તથા લેપટોપ બેગ તથા અલગ અલગ ફરી.શ્રીઓના ડેબીટ ક્રેડીટ કાર્ડ તથા પર્સ નંગ-૨ તથા ગુનાના કામે ઉપયોગ માં લેતા ધારદાર એલ.એમ.પી. ટૂલ નંગ-૨ તથા લેપટોપ બેગ મળી કુલ્લે રૂ. ૪૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ

આરોપીનો પુર્વ ઇતીહાસ:-

આ કામે આરોપી અગાઉ નારણપુરા પો.સ્ટેશન, ચાંદખેડા પોલીસ સ્ટેશન તથા કૃષ્ણનગર પો.સ્ટેશન તથા વિવેકાનંદ નગર પો.સ્ટેશન તથા કલોલ પો.સ્ટેશનમાં વાહનોના કાચ તોડી ચોરી કરવાના ગુનાઓમાં પકડાયેલ છે.

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

શરીર તથા મિલકત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ ઈન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર વી.ડી.વાઘેલા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ તથા વસ્ત્રાપુર પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા લુંટના ગુનામાં પકડાયેલ આરોપી નામે તેજસભાઈ સન/ઓફ કિશોરભાઈ કુબેરભાઈ જાતે-મકવાણા ઉ.વ.૨૭ રહે. શ્રીરામનગર સોસાયટીના છાપરા કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૦૨૮૩/૨૦ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) વસ્ત્રાપુર પો.સ્ટે. પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૨૦૧૧૪૪/૨૦ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૦૦૬/૨૨ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૦૪/૨૦૨૨ તા.૨૬/૦૨/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૬/૦૨/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૬/૦૨/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) હે.કો નવનીતભાઈ હસમુખલાલ બ.નં.૯૮૨૬

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૮૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૯૧/૨૦૨૨**

નરોડાઃ જયશ્રીબહેન વા/ઓ જયપ્રકાશભાઇ બેન્કર (ઉ.વ.૬૯) (રહે.પ્લોટ નં.૨૨૪/૧ સેક્ટર-૫/એ ગાંધીનગર) તા.૨૬/૦૨/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા અંબે માતાના મંદીર થી ઓટોરીક્ષામાં બેસી સૈજપુર ટાવર સુધીની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ જયશ્રીબહેનની નજર ચુકવી જયશ્રીબહેનના ગળામાંથી સોનાની મગમાળા કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન બેન્કરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

ગુજરાત યુનિવર્સીટીઃ ભરતભાઇ ભાનુપ્રસાદ ઠાકર (ઉ.વ.૭૫) (રહે. ચંદ્રમૌલી બગલોઝ દાદા સાહેબ પગલાં મંદિર પાસે નવરંગપુરા) એ તા.૨૬/૦૨/૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમદાવાદ મેમનગર ગોપાલનગર ખાતે રહેતા અને ભરતભાઇ ઠાકરના ઘરે કામ કરતા વિક્રમસિંહ નારસિંહ ઝાલા (મુળ વતન. રાજસ્થાન) તા.૧૬/૦૧/૨૦૨૨ થી તા.૦૬/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ભરતભાઈ ઠાકરના ઘરની તિજોરીનું તાળું ખોલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૮૧,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.